દાખલ તારીખ: ૦૩ ૦૩ ૨૦૨૬
રજી. તારીખ : ૦૩ ૦૩ ૨૦૨૬
ફેસંલ તારીખ : ૦૯ ૦૩ ૨૦૨૬
સમયગાળો :વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૬

**સુરેન્દ્રનગરના મહે.સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં. મુ.સુરેન્દ્રનગર.**

**ફો.પ.અ.નં. ૨૩૬/૨૦૨૬**

**આંક :-૦૭**

અનકુભાઇ બહાદુરભાઇ તકમરીયા
ઉ.વ.આ.૪૬,ધંધો-ખેતી
રહે.સાંગઇ,તા.ચોટીલા
જિ.સુરેન્દ્રનગર ............અરજદાર

**વિરુદ્ધ**

શ્રી સરકાર .............સામાવાળા

--------------------------------

વિ.વકિલશ્રી ઝેડ.એ.ચૌહાણ,એલ.એમ.ઝાલા...............અરજદાર તરફે
વિ.સ્પે.પી.પી.શ્રી એચ.એ.પરમાર...............સામાવાળા શ્રી સરકાર તરફે

--------------------------------

**બાબત:-**ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.

**:::::: ચુ કા દો ::::::**

(૧) આ કામના અરજદાર/આરોપી મુળી પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૧૦૩૫૨૧૦૪૩૮/૨૦૨૧, પ્રોહિબીશન એકટની કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબના ગુના સબબ જયુડીશીયલ કસ્ટડીમાં હોય તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સબંધે સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા સરકાર તરફે વિ.સ્પે.પી.પી.શ્રી એચ.એ.પરમાર હાજર થયેલ છે અને તેઓએ આંક–૬ થી તપાસ કરનાર અમલદાર પી.આઇ.શ્રી કે.બી.વિહોલનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ઝેડ.એ. ચૌહાણનાઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/ આરોપીની આ પ્રથમ જામીન અરજી છે. અગાઉ અરજદારે કોઇ અરજી કરેલ નથી. વધુમાં જણાવેલ છે કે, અરજદાર નિર્દોષ છે. હાલના ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. આરોપીએ આવો કોઇ ગુનો કરેલ નથી. ફરીયાદ ધ્યાને લેવામા આવે તો હાલના અરજદારનુ ફરીયાદમાં નામ નથી. વધુમાં જણાવેલ છે કે બનાવવાળી જગ્યાએ હાલના અરજદાર મળી આવેલ નથી કે બનાવવાળી જગ્યા અરજદારની માલિકીની નથી.સદર ગુનાના કામે કબજે લેવામા આવેલ પ્રોહીબીશન મુદામાલ કે બનાવમા વપરાયેલ વાહન અરજદાર ની માલિકીના નથી.વધુમાં હાલનો ગુનો સને.૨૦૨૧ ની સાલનો છે. અરજદારને ત.ક.અ. ધ્વારા કોઇપણ પ્રકારના સમન્સ કે વોરંટ કાઢીને

બોલાવેલ હોય તેવુ નથી. વધુમાં દલીલમાં જણાવેલ છે કે આ જ ગુનાના અન્ય આરોપી પ્રતીક ઉર્ફે છોટુ પ્રફુલ્લભાઇને નામ.વડી અદાલતે ફો.પ.અ.નં. ૪૯/૨૦૨૨ ના કામે જામીન મુકત કરેલ છે. તેમજ અન્ય આરોપી બ્રીજરાજ સિંહ ઉર્ફે મુન્નો ભીખુભા કે જેમનો રોલ હાલના અરજદારના રોલ જેવો જ છે તેમને નામ.હાઇકોર્ટ દ્વારા ફો.પ.અ.નં. ૨૯૯૧/૨૨ થી આગોતરા જામીન ઉપર મુકત કરેલ છે.વધુમાં આ જ ગુનાના અન્ય આરોપી નરેન્દ્રસિંહ જુવાન સિંહને ફો.પ.અ.નં. ૨૮૫/૨૨થી, મેલાભાઇ અરજણભાઇને ફો.પ.અ.નં. ૩૫૧/૨૨ થી તેમજ હરેશભાઇ પ્રકાશભાઇને ફો.પ.અ.નં. ૪૫૫/૨૨ થી અને આરોપી દિવ્યરાજસિંહ નરેન્દ્રસિંહને ફો.પ.અ.નં. ૬૦૬/૨૪ એડિ.સેશન્સ કોર્ટ દ્વારા જામીન મુકત કરેલ છે.જેથી પેરીટીના ધોરણે અરજદારને જામીન મુકત કરવા જોઇએ.વધુમાં જણાવેલ છે કે આ જ ગુનાના આરોપીઓ બ્રિજરાજસિંહ ઉર્ફે મુન્નો, નરેન્દ્રસિંહ જુવાનસિંહ, મેલાભાઇ અરજણભાઇ, હરેશભાઇ પ્રકાશભાઇ વિરુધ્ધનો કેસ પુર્ણ થઇ જતા તે આરોપીઓને શંકાનો લાભ આપી ટ્રાયલકોર્ટ દ્વારા છોડી મુકવાનો હુકમ કરેલ છે.આ કામે અરજદાર સામેની મોટાભાગની તપાસ પુર્ણ થઇ ગયેલ છે.વધુમાં અરજદાર નામ.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે.તે તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીના જામીન મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) ઉપરોકત રજુઆત સામે વિ.સ્પે.પી.પી.શ્રી એચ.એ.પરમાર નાઓએ ઉપરોકત રજુઆત સામે દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના આરોપી સને.૨૦૨૧ ની સાલથી ગુનો બન્યો ત્યારથી નાસતા ફરે છે અને

પેરોલ સ્કવોડ દ્વારા પકડવામા આવેલ છે. વધુમાં હાલના અરજદાર ઘણા લાંબા સમય સુધી નાસતા ફરતા રહેલ છે અને પોલીસ તપાસમા સહકાર આપેલ નથી. આ કામે કુલ રૂા. ૧૬,૭૩,૫૫૦/– નો પ્રોહીબીશન મુદામાલ મળી આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર ગુનાહીત ઇતીહાસ ધરાવે છે.વધુમાં અગાઉ જે આરોપીઓને જામીન મુકત કરેલ છે તે આરોપીઓને ચાર્જશીટ થયા બાદ જામીન મુકત કરેલ છે. હાલના આરોપી સામે ચાર્જશીટ કરવાનુ હજુ બાકી છે.તે તમામ સંજોગો ધ્યાને લઇ અરજદારની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બન્ને પક્ષોના વિ.વકીલશ્રીની દલીલો તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ ધ્યાને લેતા, આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામની ફરીયાદ રોહીતભાઇ જયંતીભાઇ રાઠોડ હેડ કોન્સ. મુળી પોલીસ સ્ટેશન દ્વારા તા.૬–૧૦–૨૧ ના રોજ નોંધાવવામા આવેલ છે અને તે મુજબ તેઓ હેડ કવાર્ટસ ખાતે હાજર હતા ત્યારે સતીષભાઇ દેવમુરારીનો ફોન આવેલ અને વાત કરેલ કે ખાનગી રાહે હકીકત મળેલ છે કે, ગોદાવરી ગામના પાણીના સંપથી આગળ શેખપર ગામની સીમમા નરેન્દ્રસિંહ જુવાનસિંહ પરમાર તથા મુન્નો ભીખુભા પરમાર તથા છોટુ પ્રફુલ્લભાઇ દારૂનુ કટીંગ કરવાના છે જેથી તમો પો.સ્ટે. આવો તેમ વાત કરતા ફરીયાદી પો.સ્ટે આવી ઉપરોકત હકીકતથી પો.સ.ઇ. એસ.એસ.વરૂ તથા અન્ય સ્ટાફને હકીકતથી વાકેફ કરતા અને ત્યારબાદ બે પંચોને બોલાવી બાતમી હકીકતની સમજ કરી પ્રથમ ભાગનુ પંચનામુ કરી, બાતમીવાળી જગ્યાએ જતા ભોગાવા નદીના કિનારે વાહનોની લાઇટમા બે બોલેરો પીકઅપ જેવા વાહન જોવામા આવતા પોલીસ સ્ટાફ તથા પંચો નીચે ઉતરી જતા ગાડી જોઇને પાંચથી છ ઇસમો

ભાગવા લાગેલ અને તેની પાછળ પોલીસના માણસો દોડતા રાત્રીનો સમય હોય, જેનો લાભ લઈ બીજા માણસો નાસી ગયેલ અને એક ઈસમ પકડાઇ ગયેલ અને તેનુ નામ પંચો રુબરુ પુછતા પ્રતીક ઉર્ફે છોટુ પ્રફુલ્લાભાઇ હોવાનુ જણાવેલ અને ત્યારબાદ બન્ને ગાડીઓ જોતા તેમા વિદેશી દારૂની પેટીઓ જોવામા આવેલ અને તે નીચે ઉતારી જોતા તેમા વિદેશી દારૂની બોટલો કુલ નંગ–૩૪૧૧ જેની કિમંત રૂા.૧૬,૭૩,૫૫૦/– નો વિદેશી દારૂ મળી આવેલ હોવા મતલબની ફરીયાદ આપવામા આવેલ છે. વધુમાં જોવામા આવે તો આ કામે હાલના અરજદારનુ નામ તપાસ દરમ્યાન ખુલવા પામેલ હતુ અને હાલના અરજદાર ઘણા લાંબા સમય બાદ પકડાયેલ છે. વધુમાં તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ જોતા હાલના અરજદારે પ્રતીક ઉર્ફે છોટુ મારફતે વીસ પેટી દારુ મગાવેલ હતો. આમ હાલના અરજદારનો રોલ દારુ મગાવનાર તરીકેનો છે.વધુમાં ત.ક.અમલદારે તેમના સોગંદનામામા જણાવેલ છે કે, અરજદાર ગુનાહિત ઈતીહાસ ધરાવે છે અને તેમની સામે કુલ ૧૨ જેટલા ગુનાઓ નોંધાયેલ છે. વધુમાં જોવામા આવે તો હાલના અરજદારના પ્રત્યક્ષ કબજા માથી મુદામાલ કબજે કરવામા આવેલ નથી.આ જ ગુનાના અન્ય આરોપી પ્રતીક ઉર્ફે છોટુ પ્રફુલ્લભાઇને નામ.વડી અદાલતે ફો.પ.અ.નં. ૪૯/૨૦૨૨ ના કામે જામીન મુકત કરેલ છે.તેમજ અન્ય આરોપી બ્રીજરાજ સિંહ ઉર્ફે મુન્નો ભીખુભા કે જેમનો રોલ માલ મગાવનાર તરીકેનો છે તેમને નામ.હાઈકોર્ટ દ્વારા ફો.પ.અ.નં. ૨૯૯૧/૨૨ થી આગોતરા જામીન ઉપર મુકત કરેલ છે.વધુમાં આ જ ગુનાના અન્ય આરોપી નરેન્દ્રસિંહ જુવાનસિંહને ફો.પ.અ.નં. ૨૮૫/૨૨ થી, મેલાભાઈ અરજણભાઈને ફો.પ.અ.નં. ૩૫૧/૨૨ થી તેમજ હરેશભાઇ પ્રકાશભાઇને ફો.પ.અ.નં. ૪૫૫/૨૨ થી અને આરોપી

દિવ્યરાજસિંહ નરેન્દ્રસિંહને ફો.પ.અ.નં. ૬૦૬/૨૪ એડિ.સેશન્સ કોર્ટ દ્વારા જામીન મુકત કરેલ છે.તે તમામ હકીકતો તેમજ હાલના અરજદારનો ગુનામા રહેલ રોલ ધ્યાને લેતા તેમજ પેરીટીના સિંધ્ધાતોને ધ્યાને લેતા અરજદાર /આરોપીને કડક શરતોને આધિન જામીન મુકત કરવા ન્યાયોચિત જણાઇ આવતુ હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>::: હુ ક મ :::</u>**

**૧.** અરજદાર/આરોપીની ભારતીય નાગરિક સુરક્ષા સહિંતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી અનકુભાઇ બહાદુરભાઇ તકમરીયા, રહે. સાંગઇ, તા.સાયલાનાઓને મુળી પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૧૦૩૫૨૧૦૪૩૮/૨૦૨૧, પ્રોહિબીશન એકટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબના ગુનાના કામે આરોપીએ રૂા.૨૫,૦૦૦/- (પચ્ચીસ હજાર) પુરાના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી નીચેની શરતોને આધિન તેઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો:</u>**-

૧. અરજદાર/આરોપીએ ત્રણ મહીના સુધી દર મહીનાના પહેલા સોમવારે સબંધિત પોલીસ સ્ટેશનમાં સવારે કલાક ૧૦:૦૦ થી ૧:૦૦ દરમ્યાન હાજરી પુરાવવી.

૨. અરજદાર/આરોપીએ તેમને મળેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે કોઇ ચેડાં કરવા નહી કે ફરીયાદપક્ષના સાહેદોને લોભ-લાલચ, ધાક ધમકી કે અન્ય કોઇપણ પ્રકારે પ્રલોભન આપી ફોડવાનો પ્રયત્ન કરવો નહી.

૩. અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું મોબાઇલ નંબર સહીત રજુ કરવું અને તેમાં કોર્ટની પરવાનગી સિવાય કોઇ ફેરફાર કરવો નહી.

૪. અરજદાર/આરોપીએ કોર્ટની પુર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૫. અરજદાર/આરોપીએ તેમની સામેનો કેસ જે અદાલતમાં ચાલે તે અદાલતમાં દરેક મુદતે નિયમિત હાજર રહેવું.

૬. અરજદાર/આરોપીએ પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધિત અદાલતમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે મતલબની પુરસીસ રજુ કરવી.

ઉપરોકત શરતો પૈકી કોઇપણ શરતનો ભંગ થશે તો અરજદાર/આરોપીના જામીન રદ થવાને પાત્ર ગણાશે.

**૩.** અરજદાર/આરોપીએ જામીન તથા જાત મુચરકા સબંધિત અદાલત સમક્ષ રજુ કરવા.

**૪.** આ હુકમની જાણ સબંધિત અદાલત અને પોલીસ સ્ટેશનને અલગ યાદીથી કરવી.

આજરોજ તા.૯ મી માહે માર્ચ, સને.૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**સુરેન્દ્રનગર**
**તા.૦૯/૦૩/૨૦૨૬**

**(કૈલાશનાથ રાધેશ્યામ ઉપાધ્યાય)**
**સેશન્સ જજ,સુરેન્દ્રનગર**
**(Unique ID Code : GJ 00333)**

*S.N.M.*